જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૧૨/૧૦/૨૦૧૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૦૫૯/૧૫

**મુંબઇ થી બેંગલોર ખાતે નોકરી કરવાનુ જણાવી મુંબઇ થી ચાલી ગયેલ પુખ્તવયની છોકરી રૂખસાર ઉ.વ.૨૩ ને અમદાવાદ શહેર વિસ્તારમાંથી શોધી સહી સલામત રીતે તેની બહેન ને સૌપી મીસીંગ નો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલ રૂમ તરફથી મેસેજ ક્રાઇમ બ્રાન્ચ ને મળેલ કે “ એક બહેન નામે નિખત મંહમદશફી અંસારી રહે. ૧૪૯/૨, ફીટવાલા કંમ્પાઉંડ, એસ.ટી. રોડ, અર્પણ નસીગ હોમ, કુર્લા, વેસ્ટ મુબઇ નાઓ જણાવેલ કે મારી બહેન નામે રૂખસાર ઉ.વ.૨૩ નાની મુંબઇ થી બેંગલોર પાર્લરમાં નોકરી કરવા ગયેલ જે બેંગલોર નુ કહી ગયા બાદ તેનો સંપર્ક નહી થતાં બાદ ઘણા સમય પછી મો.નં. ૯૭૨૭૩૯૭૪૩૬ ઉપર સંપર્ક થતાં તે જણાવે છે કે હું બેગ્લોર છું પરંતુ મોબાઇલના સંપર્ક દરમ્યાન ગુજરાતી ભાષા આવે છે. જેથી તે અમદાવાદમાં હોવાની શક પડતો હોય તેની તપાસ કરી સંપર્ક કરાવવા વિનતી છે. મોબાઇલ નંબર ઉપરથી પતો મેળવી રુબરુ મુલાકાત કરાવવા વિનતી છે સદરી ઇસમ ક્રાઇમ બ્રાન્ચ ખાતે આવે છે. તો યોગ્ય મદદ આપશો. ” જે મેસેજ આધારે ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. શ્રી દિપન ભદ્રન સાહેબ તથા એ.સી.પી. શ્રી કે.એન.પટેલ સાહેબ નાઓ તરફથી સુચના મળેલ જે આધારે ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમના સ્કોડના પો.સ.ઇ શ્રી એ.પી.ચૌધરી તથા સ્ટાફના માણસો એ સદર મોબાઇલ નંબર પર સંપર્ક કરતાં તેમજ ટાવર લોકેશન આધારે તપાસ કરતાં વાડજ અખબારનગર ખાતેથી રૂખસાર વા/ઓ હૈદરઅલી ગુલામહુસૈન શેખ તથા ડો/ઓ મહંમદશફી બિસમિલ્લા અંસારી ઉ.વ.૨૨ રહે. ૧૪૯/૨, ફીટવાલા કમ્પાઉન્ડ, અર્પણ નર્સીગ હોમ પાસે, કુર્લા વેસ્ટ, મુબંઇ. તેમજ મેજે સ્ટ્રીટ, વિજયનગર, મુલુનપાલીયા, રુમ.નં.૩, બેંગલોર વાળી મળી આવેલ અને સદરી ની પુછપરછ કરતાં પોતાનો પતિ દારુ પીતો હોય જેનાથી કંટાળી જઇ પોતે મુંબઇ થી બેંગલોર જવા માટે નિકળેલ અને બેંગલોર નહિ જઇ અમદાવાદ આવી રોકાઇ ગયેલ હતી. આ સિવાય બીજી કોઇ ગુનાહિત વિગત જણાવતી ન હોય અને પોતાને કોઇ ફરીયાદ કરવાની રહેતી ન હોય અને તેની બેન સાથે પરત મુંબઇ જવા જણાવતાં જેનુ નિવેદન લઇ તેમજ મેસેજ કરનાર નિખત ડો/ઓ મહંમદશફી બિસમિલ્લા અંસારી નાઓને મુંબઇ ખાતે લઇ જવા સારુ સહી સલામત સૌપવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ત્રણ વર્ષથી ૧૨ વર્ષની છોકરીને ખેડા નો ઇસમ અપહરણ કરી લઇ ગયેલ જે ઇસમને છોકરી સાથે ઝડપી પાડી અપહરણનો ભેદ ઉકેલી યુવકની ધરપકડ કરતી ક્રાઈમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેરમાં સ્ત્રી/બાળકોના અપહરણ કરી ભગાડી જવાના ગુનાઓ બનતા હોય જે બનેલ ગંભીર પ્રકારના ગુનાઓ શોધી કાઢવા અન્વયે ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. શ્રી દિપન ભદ્રન સાહેબ તથા એ.સી.પી. શ્રી કે.એન.પટેલ સાહેબ નાઓ તરફથી મળેલ સુચના આધારે ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમના સ્કોડના હેડ કોન્સ. હિતેન્દ્રસિંહ ખોડુભા તથા પો.કોન્સ. દિગ્વીજયસિંહ ભુરુભા નાઓની બાતમી હકિકત આધારે વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨૫/૨૦૧૨ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ વિગેરેના મુજબનાં નોધાયેલ અપહરણના ગુનાના કામે ભોગબનનાર છોકરી.ઉ.વ.૧૨ રહે વટવા અમદાવાદ ને આરોપી ગલાજી આત્મારામ ડાભી ઉ.વ.૪૦ રહેવાસી, કાંતાબેન પટેલ નાં મકાનમાં, શક્તિનગર, મોતીપરાના બાજુમાં, શાહવાડી, અમદાવાદ, મુળ વતન ગામ.બારમુવાડા વાઘાવત, તા.કઠલાલ જી.ખેડા નાઓ ભગાડી લઇ ગયેલ. જે અમદાવાદમાં તેમજ અમદાવાદના આજુબાજુના ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કામ કરી ત્યાંજ રહી તેમજ જુદાજુદા ભાડાના મકાન રહી છેલ્લા ત્રણ વર્ષથી છુપાતા રહેલ જે આરોપી તેમજ ભોગબનનાર છોકરી તથા તેની દીકરી ઉ.વ.દોઢ વર્ષ નાઓને આજરોજ શોધી કાઢી આરોપીની ધરપકડ કરી આરોપી તેમજ ભોગબનનાર છોકરી તથા તેની દીકરી ઉ.વ.દોઢ નાઓને આગળ ની વધુ તપાસ માટે વટવા પોલીસ સ્ટેશન ખાતે સૌપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)